# ગુજરાતમાં જાહેર આરોગ્ય નીતિઓ અને શાસનનો અભ્યાસ

**Kanaiyalal L. Shah**
**Research Scholar**
**E-mail - kanaiyashah2803@gmail.com**
**ORCID – 0009-0007-1480-1043**

**Dr. Hemali A. Desai**
**Principal**
**Smt. C.D.J. Rofel Arts & Smt. I.S.R.A. Rofel Commerce College, Vapi.**

## સારાંશ (Abstract):

જાહેર આરોગ્ય નીતિઓ અને શાસન કોઈપણ દેશના સર્વાંગી વિકાસ માટે અનિવાર્ય આધારસ્તંભ છે. આ સંશોધન પેપરમાં ભારત અને ખાસ કરીને ગુજરાત રાજ્યમાં અમલમાં આવેલી જાહેર આરોગ્ય નીતિઓ, શાસનવ્યવસ્થા, આયોજન, અમલીકરણ, સિદ્ધિઓ તથા પડકારોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. WHO, ભારત સરકાર અને રાજ્ય સરકારના આંકડાઓના આધારે આ અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધન દર્શાવે છે કે અસરકારક આરોગ્ય શાસન દ્વારા માતૃ મૃત્યુદર, બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સાથે જ, ભવિષ્યમાં વધુ મજબૂત અને સમાવેશી આરોગ્ય નીતિઓની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

## 1. પરિચય (Introduction):

"જાહેર આરોગ્ય એટલે માત્ર રોગોની સારવાર નહીં પરંતુ રોગ નિવારણ, સ્વચ્છતા, પોષણ, આરોગ્ય શિક્ષણ અને જીવનની ગુણવત્તામાં સુધારાનો સામૂહિક અભિગમ".

આધુનિક સમયમાં વધતી વસ્તી, શહેરીકરણ, જીવનશૈલી સંબંધિત રોગો અને વૈશ્વિક મહામારીઓએ જાહેર આરોગ્ય નીતિઓને વધુ મહત્વપૂર્ણ બનાવી છે. ભારત જેવા વિકસતા દેશોમાં આરોગ્ય નીતિઓ માત્ર આરોગ્ય ક્ષેત્ર સુધી સીમિત નથી, પરંતુ આર્થિક વિકાસ, સામાજિક ન્યાય અને માનવ સંસાધન વિકાસ સાથે ગાઢ રીતે જોડાયેલી છે. યોગ્ય શાસન વિના શ્રેષ્ઠ નીતિઓ પણ અસરકારક બની શકતી નથી.

## 2. સ્વાસ્થ્યની વ્યાખ્યા (Definition of Health):

"ભૌતિક, માનસિક અને સામાજિક પર્યાવરણની જે સ્થિતિમાં માનવ શરીરની માનસિક અને ભૌતિક ક્રિયાઓ સંતોષપૂર્વક રીતે અનુકૂળ થઈ જતી હોય તે સ્થિતિને સ્વાસ્થ્ય તરીકે ઓળખવામાં આવે છે."

"સ્વાસ્થ્ય સંપૂર્ણ શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીની સ્થિતિ છે અને માત્ર રોગ અથવા દુર્બળતાની ગેરહાજરી નથી".(Constitution of the world Health Organization, n.d)

## 3. સંશોધનના હેતુઓ (Objectives of Research):

- રાજ્યના અંદાજપત્રમાં આરોગ્યક્ષેત્રે કરવામાં આવેલ નાણાકીય ફાળવણીનો અભ્યાસ કરવો.
- આરોગ્યક્ષેત્રે થયેલા સંસ્થાકીય ફેરફારોનો અભ્યાસ કરવો.
- આરોગ્યલક્ષી સૂચકાંકમાં થયેલા ફેરફારોનો અભ્યાસ કરવો.

➢ આરોગ્યલક્ષી સંસ્થાગત ફેરફારોની આરોગ્યલક્ષી સૂચઆંકો પરની અસરો તપાસવી.

આરોગ્ય ક્ષેત્રે ભવિષ્યના પડકારોનો અભ્યાસ કરવો.

## 4. જાહેર આરોગ્ય નીતિ (Public Health Policy):

### 4.1. જાહેર આરોગ્ય નીતિનો અર્થ:

જાહેર આરોગ્ય નીતિ એટલે સરકાર દ્વારા ઘડવામાં આવેલી એવી માર્ગદર્શિકાઓ અને કાયદાઓ જે લોકોના સ્વાસ્થ્યનું રક્ષણ અને સુધારો કરે.

જાહેર આરોગ્ય નીતિ કોઈ પણ સામુદાયિક ભલાઈ અને સુરક્ષામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કોઈ સમુદાયની જરૂરિયાતોના આધારે, જાહેર આરોગ્ય નીતિ સંપૂર્ણ સ્વાસ્થ્ય તરફ સ્પષ્ટ લક્ષ્ય અને ઉકેલ સ્થાપિત કરે છે. જાહેર આરોગ્ય નીતિ એવા કાયદાઓ, નિયમો, કાર્યવાહી અને નિર્ણયો તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે જે સમાજમાં આરોગ્યને પ્રોત્સાહન આપવા માટે લાગુ કરવામાં આવે છે અને નિશ્ચિત આરોગ્ય લક્ષ્યો પ્રાપ્ત કરવામાં આવે છે તેની ખાતરી કરે છે. (What Is Public Health Policy?, 2021)

### 4.2. જાહેર આરોગ્ય નીતિનું મહત્વ:

જાહેર આરોગ્ય નીતિ મહત્વપૂર્ણ છે કેમ કે તે જાહેર આરોગ્યના સિદ્ધાંત અને સંશોધનને વ્યવહારિક દુનિયામાં લાવવામાં મદદ કરે છે. જાહેર આરોગ્ય નીતિઓ સંશોધનમાંથી અગાઉ ઓળખાયેલા સમસ્યાઓના વ્યાપક ઉકેલ શોધે છે. (What Is Public Health Policy?, 2021)

જાહેર આરોગ્ય નીતિ તરીકે, સરકારે લોકોના આરોગ્યમાં હસ્તક્ષેપ અને રોગોનું નિવારણ બંને અંગેની નીતિઓ અને કૌશલ્યો વિકસાવવાનું કામ કરવાનું હોય છે. જાહેર આરોગ્ય નીતિનું લક્ષ્ય માત્ર શારીરિક આરોગ્ય જ નહીં, માનસિક, સામાજિક અને આર્થિક સુખાકારી પર પણ ધ્યાન આપવું એટલું જરૂરી છે. (What Is Public Health Policy?, 2021)

## 5. ગુજરાતમાં જાહેર આરોગ્ય નીતિઓનો વ્યાપ (The Scope of Public Health Policies in Gujarat):

### 5.1. આરોગ્યક્ષેત્રે નાણાકીય ફાળવણી:

| વર્ષ | આરોગ્ય બજેટ (₹ કરોડ) | વધારો/ઘટાડો (₹ કરોડ) |
|---|---|---|
| 2015-16 | 7821 | ------ |
| 2016-17 | 9750 | 1929 |
| 2017-18 | 7368 | -2382 |

| | | |
|---|---|---|
| 2018-19 | 8172 | 804 |
| 2019-20 | 10754 | 2582 |
| 2020-21 | 11225 | 471 |
| 2021-22 | 11304 | 79 |
| 2022-23 | 12240 | 936 |
| 2023-24 | 15182 | 2942 |
| 2024-25 | 20100 | 4918 |

(Finance Department, n.d.)

- ઉપરોક્ત અભ્યાસ કરતાં જણાય છે કે 2017-18ના નાણાકીય વર્ષમાં અગાઉના વર્ષ (2016-17 ના નાણાકીય વર્ષ) કરતાં આરોગ્ય ક્ષેત્રે ઓછી રકમની ફાળવણી કરવામાં આવી હતી. જે સરકારની આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવેલી ઉપેક્ષા બતાવે છે.
- ઉપરોક્ત આંકડાકીય માહિતીનો અભ્યાસ કરતાં જણાય છે કે એકંદરે આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતા નાણાકીય ફાળવણીમાં સતત વધારો થઈ રહ્યો છે.

**5.2. ગુજરાતમાં સંસ્થાકીય સુવિધા:**

| Gujarat | CHC | PHC | SUB CENTRE | CIVIL HOSPITALS | Numbers of Doctors |
|---|---|---|---|---|---|
| 2015 | 300 | 1158 | 7274 | ----- | 4639 |
| 2022 | 345 | 1477 | 9231 | 19 | 5026 |

(*Primary Health Centres*, n.d.)

(*Government Doctor: Gujarat: Number of Doctors* | *Economic Indicators* | *CEIC*, n.d.)

(*RHS-2021-22_compressed-1*, n.d.)

(*Audit Reports* | *Comptroller and Auditor General of India*, n.d.)

અભ્યાસ કરતાં જણાય છે કે 2015 થી 2022માં રાજ્યમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો(CHC), પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર(PHC), પેટા કેન્દ્રો(SC), સરકારી જનરલ હોસ્પિટલ, સરકારી ડોકટરોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. જે દર્શાવે છે કે રાજયમાં આરોગ્યની સુવિધામાં સતત વધારો થઈ રહ્યો છે.

**5.3. કુલ સંસ્થાગત પ્રસૂતિઓ અને કુલ ઘરેલુ પ્રસૂતિઓની ટકાવારી:**

| વર્ષ | કુલ સંસ્થાગત પ્રસૂતિઓ | કુલ ઘરેલુ પ્રસૂતિઓ |
|---|---|---|
| **2007-08** | **89** | **6.3** |
| **2022-23** | **99.5** | **0.5** |

(Agrawal & Tiwari, 2020)

(Barman et al., 2020)

(Gujarat Health Dossier 21 | PDF | Non Communicable Disease | Caesarean Section, n.d.)

**સંસ્થાગત પ્રસૂતિ**: સંસ્થાગત પ્રસૂતિ એ પ્રસૂતિ છે જે ખાનગી અને સરકારી આરોગ્ય સંસ્થામાં થાય છે.

**ઘરેલુ પ્રસૂતિ**: ઘરમાં પ્રસૂતિ એ પ્રસૂતિ છે જે હોસ્પિટલ/ક્લિનિક સિવાય ઘરમાં થાય છે અને સામાન્ય રીતે કોઈ આરોગ્ય સંસ્થામાં થતી નથી.

- DLHS-3 (2007-08) જણાવે છે કે ગુજરાતમાં **સંસ્થાગત પ્રસૂતિઓ** 2007-08 ના સમયગાળામાં લગભગ 89 ટકા સુધી પહોંચી ગઇ હતી.
- ગુજરાતમાં ઘરેલુ પ્રસૂતિઓ લગભગ 6.3 ટકા હતી. એટલે કે, આશરે 100 માંથી 6 પ્રસૂતિઓ ઘરેલુ સ્થાને થઈ હતી.
- ગુજરાતમાં 2011 આસપાસ મુશ્કેલ વિસ્તારો સિવાય મોટા ભાગની પ્રસૂતિ હવે આરોગ્ય સંસ્થાઓમાં જ થતી હોવાથી ઘરેલુ પ્રસૂતિઓનું પ્રમાણ ઐતિહાસિક રીતે ઘટયુ છે.
- 2022 માં 99.5 ટકા પ્રસૂતિઓ આરોગ્ય સંસ્થામાં થઈ છે. જેમાં સરકારી અને ખાનગી બંને આરોગ્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. એટલે કે લગભગ 100 માંથી 99.5 પ્રસૂતિઓ સંસ્થામાં થઇ રહી છે. આમ, 100 માંથી બહુ ઓછી (એક ટકાથી પણ ઓછી) પ્રસૂતિઓ ઘરેલુ સ્થળે થાય છે. આ મુજબ મોટે ભાગે જન્મ આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલમાં થાય છે. ઘરેલુ પ્રસૂતિઓની ટકાવારી ખૂબ ઓછી છે.

**5.4. ગુજરાતમાં આરોગ્ય સૂચકાંકની સ્થિતિ:**

| વર્ષ | જન્મદર CBR (%) | મૃત્યુદર CDR (%) | બાળ મૃત્યુદર IMR (%) | માતૃ મૃત્યુદર MMR | પ્રજનન દર TFR | અપેક્ષિત આયુષ્ય (વર્ષમાં) | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | પુરુષ | સ્ત્રી | કુલ |
| 2011 | 22.7 | 7.1 | 41 | 122 | 2.5 | 69.1 | 85.75 | 69.68 | 78.3 |
| 2022 | 18.3 | 6.8 | 31.2 | 51 | 1.9 | 69.9 | 89.5 | 74.8 | 82.4 |

(*Gujarat Population Census 2011, Gujarat Religion, Literacy, Sex Ratio - Census India*, n.d.)

(*A Comprehensive Analysis of State-Wise Literacy Rates in India[v1] | Preprints.Org*, n.d.)

(*Gujarat Socio-Economic Insights | PDF | Gujarat | Consumer Price Index*, n.d.)

(L. Sabha & Sigriwal, n.d.)

(*World Population Day*, n.d.)

(R. Sabha & Suneer, n.d.)

(*SRS_Bulletin_2022_Vol_57_No_1*, n.d.)

(*Audit Reports | Comptroller and Auditor General of India*, n.d.)

- વર્ષ 2011 માં જન્મદર નું પ્રમાણ 22.7 ટકા હતું. તે 2022 માં ઘટીને 18.3 ટકા થયું હતું.
- વર્ષ 2011 માં મૃત્યુદર નું પ્રમાણ 7.1 ટકા હતું. તે 2022 માં ઘટીને 6.8 ટકા થયું હતું.
- વર્ષ 2011 માં બાળ મૃત્યુદર નું પ્રમાણ 41 હતું. તે 2022 માં ઘટીને 20 થયું હતું. જે બતાવે છે કે રાજ્યમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ સતત ઘટી રહ્યું છે.
- વર્ષ 2011 માં માતૃ મૃત્યુદર નું પ્રમાણ 122 હતું. તે 2022 માં ઘટીને 51 થયું હતું.
- વર્ષ 2011 માં કુલ પ્રજનન દરનું પ્રમાણ 2.5 હતું. તે 2022 માં ઘટીને 1.9 થયું હતું.
- વર્ષ 2011 માં અપેક્ષિત આયુષ્યનું પ્રમાણ 69.1 વર્ષ હતું. તે 2022 માં વધીને 69.9 વર્ષ થયું હતું.
- વર્ષ 2011 માં સાક્ષરતાનો દર 78.3 હતું. તે 2022 માં વધીને 82.4 થયું હતું. જેમાં પુરુષ વર્ગમાં સાક્ષરતાનો દર 85.75 ટકાથી વધીને 89.5 ટકાથી અને સ્ત્રી વર્ગમાં સાક્ષરતાનો દર 69.68 થી વધીને 74.8 ટકા થયું હતું. જેના પરથી સ્પષ્ટ થાય છે કે આરોગ્યમાં સુધારો થવાની સાથે સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ સતત વધી રહ્યું છે.

## 6. જાહેર આરોગ્ય શાસન (Public Health Governance):

### 6.1. શાસનનો અર્થ:

આરોગ્ય શાસન એટલે નીતિ નિર્માણ, અમલ, દેખરેખ અને મૂલ્યાંકન માટેની સંસ્થાગત વ્યવસ્થા.

### 6.2. વિશ્વ આરોગ્ય સંસ્થા મુજબ આરોગ્ય શાસનના સિદ્ધાંતો:

- સ્વાસ્થ્યના પ્રોત્સાહન અને સંરક્ષણમાં કોઈપણ રાજ્યની ભૂમિકા બધા માટે મહત્વપૂર્ણ છે. (*Constitution of the World Health Organization*, n.d.)
- સરકારો પાસે તેમની જનતાના આરોગ્ય પ્રત્યે એક જવાબદારી છે, જે માત્ર પૂરતા આરોગ્ય અને સામાજિક ઉપાયોની ઉપલબ્ધતા દ્વારા પૂરું કરી શકાય છે. (*Constitution of the World Health Organization*, n.d.)

- બધા લોકો સુધી શારીરિક, માનસિક અને સંબંધિત જ્ઞાનના લાભોની પહોંચ વ્યાપક કરવી સ્વાસ્થ્યની પ્રાપ્તિ માટે જરૂરી છે. (*Constitution of the World Health Organization*, n.d.)
- ઉચ્ચતમ આરોગ્ય સ્તરનો આનંદ માણવો એક મૂળભૂત માનવ અધિકાર છે, ભલે તેનું ઇતિહાસ, ધર્મ, રાજકીય માન્યતા, આર્થિક કે સામાજિક સ્થિતિ કંઈપણ હોય. (*Constitution of the World Health Organization*, n.d.)
- બધા જાતીઓના લોકો માટે આરોગ્ય, શાંતિ અને સુરક્ષા પ્રાપ્ત કરવી અનિવાર્ય છે, અને તે વ્યક્તિઓ અને રાજ્યોના પૂરતા સહયોગ પર આધાર રાખે છે. (*Constitution of the World Health Organization*, n.d.)
- લોકોના મંતવ્યો અને સક્રિય સહયોગ લોકોના આરોગ્યમાં સુધાર માટે અત્યંત મહત્વપૂર્ણ છે. (Constitution of the World Health Organization, n.d.)

## 7. ભવિષ્યના પડકારો (Future Challenges):

### 7.1. આબોહવા પરિવર્તનની આરોગ્ય પર અસર:

- આબોહવા પરિવર્તનના કારણે લોકોના આરોગ્ય પર નકારાત્મક અસર પડે છે, જેને પરિણામે શ્વસનતંત્ર, અસ્થમા, ફેફસા, કિડની, કેન્સર, હદયરોગ જેવી બીમારીનું પ્રમાણ સતત વધવાથી લોકોનું આરોગ્ય જોખમાય છે. આથી લોકોના આરોગ્ય પાછળના ખર્ચમાં સતત વધારો થાય છે. જેથી તેમનું સામાજિક અને આર્થિક જીવન મુશ્કેલ બને છે.
- શ્રમિકોના આરોગ્ય પર અસરો પડવાથી શ્રમિકોની કામ કરવાની ક્ષમતા અને ઉત્પાદકતામાં સતત ઘટાડો થવાથી ભવિષ્યમાં ઔદ્યોગિક અને કૃષિ ઉત્પાદન ઘટવાથી શ્રમિકોની આવકનું પ્રમાણ ઘટી શકે છે. જે તેમને ગરીબી તરફ ધકેલે છે.
- ઉપરાંત, આબોહવા પરિવર્તનના કારણે સરકારે લોકોના આરોગ્ય પાછળ વધારે પ્રમાણમાં ખર્ચ કરવું પડે છે. આથી જાહેર દેવામાં સતત વધારો થાય છે. જેથી રાજકોષીય ખાધમાં સતત વધારો થાય છે. જેથી અર્થતંત્રના અન્ય ક્ષેત્રો માટે મૂડીરોકાણ માટેના સાધનોની ખેંચ વર્તાય છે.

## 8. તારણો (Conclusion):

- અભ્યાસ કરતાં જણાય છે કે 2017-18 ના નાણાકીય વર્ષ ને બાદ કરતાં એકંદરે આરોગ્ય ક્ષેત્રે કરવામાં આવતા નાણાકીય ફાળવણીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના પરથી સ્પષ્ટ થાય છે કે સરકાર લોકોના જીવનમાં હસ્તક્ષેપ કરી લોકોને આરોગ્યમય

જીવન અને સમગ્ર રાજ્યની સુખાકારીમાં વધારો કરી સમાજના કલ્યાણમાં વધારાનો નિર્દેશ કરે છે.

- અભ્યાસ કરતાં જણાય છે કે 2015 થી 2022માં રાજ્યમાં સંસ્થાકીય વ્યવસ્થામાં ગુણવતા અને સંખ્યાની દ્રષ્ટિએ સતત સુધારો થઈ રહ્યો છે. જે દર્શાવે છે કે રાજયમાં આરોગ્યની સુવિધામાં સતત વધારો થઈ રહ્યો છે.
- રાજ્યમાં સંસ્થાકીય વ્યવસ્થામાં વધારો થવાથી લોકોની આરોગ્યની સુવિધાઓ સુધી પહોંચ વધી છે જેને કારણે રાજ્યમાં મૃત્યુદર, બાળ મૃત્યુદર, માતા મૃત્યુદરમાં સતત ઘટાડો થાય રહ્યો છે. જે એકંદરે જાહેર આરોગ્ય નીતિઓની સિધ્ધી કહી શકાય.
- ઉપરાંત, આરોગ્યની સુવિધામાં વધારો થવાથી રાજ્યમાં અપેક્ષિત આયુષ્યમાં વધારો થયો છે. જે લોકોની આર્થિક અને સામાજિક સુખાકારીનો નિર્દેશ કરે છે.
- આરોગ્યની સુવિધામાં વધારો થવાથી રાજ્યમાં મહિલાઓમાં પોષણ સ્તરમાં સુધારો થઈ રહ્યો છે. જેથી મહિલાઓના સાક્ષરતા દરમાં વધારો થયો છે. જેની સીધી અસર કુલ પ્રજનન દર પડી છે. અને કુલ પ્રજનનદર 1.9 જેટલો નીચો આવી પહોંચ્યો છે.
- સંશોધન પરથી સ્પષ્ટ થાય છે કે મહિલાઓના આરોગ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાથી આ વર્ગમાં સાક્ષરતાનો દર વધે છે, જેથી નાની ઉંમરે લગ્નનું પ્રમાણ ઘટવાથી માતૃ મૃત્યુદરમાં ઘટાડો લાવી શકાય છે, **સાથે વસ્તી વધારો પણ અટકાવી શકાય છે.**
- મહિલાઓના પોષણ સ્તરમાં સુધારો થવાથી શ્રમ બજારમાં મહિલાઓની ભાગીદારી વધવાથી તેમની આર્થિક અને સામાજિક પસંદગીના વ્યાપમાં બહોળો વધારો થયો છે. જે તેમને સ્વમાન ભર્યું જીવન જીવવા સશક્ત બનાવે  છે.
- બાળકોના આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારો થવાથી શાળા છોડી જતાં બાળકોનું પ્રમાણ ઘટે છે. આથી સાક્ષરતા દરમાં વધારો થવાથી નિર્ણયકરણની ક્ષમતામાં વધારો થાય છે. જેથી લોકો મતદાન પ્રક્રિયા દ્વારા જાહેર વસ્તુઓ અને સેવાની પસંદગી બાબતમાં પ્રભાવ પાડી શકે છે.
- 2022 માં 99.5 ટકા પ્રસૂતિઓ આરોગ્ય સંસ્થામાં થઈ છે. જેમાં સરકારી અને ખાનગી બંને આરોગ્ય સુવિધાઓનો સમાવેશ થાય છે. જે દર્શાવે છે કે ગુજરાતમાં સંસ્થાગત પ્રસૂતિઓનું ખૂબ ઊચું પ્રમાણ છે. જે રાજ્યમાં આરોગ્યની સુવિધાઓની સમાજના છેવાડાના માનવી સુધીની પહોંચ બતાવે છે.

- જાહેર આરોગ્ય નીતિઓ અને શાસન દેશના માનવ વિકાસ સૂચકાંકને મજબૂત બનાવે છે. ભારત અને ગુજરાતમાં થયેલી પ્રગતિ પ્રશંસનીય છે, પરંતુ ભવિષ્યમાં વધુ સશક્ત, પારદર્શક અને લોકકેન્દ્રિત આરોગ્ય શાસનની જરૂર છે.
- આ અભ્યાસ દર્શાવે છે કે યોગ્ય શાસન સાથેની જાહેર આરોગ્ય નીતિઓએ આરોગ્ય સૂચકાંકોમાં નોંધપાત્ર સુધારો કર્યો છે. તેમ છતાં, સમાવેશી આરોગ્ય માટે નીતિઓમાં સતત સુધારા તથા લોક ભાગીદારીની જરૂર છે.

## 9. સંદર્ભો (References):


- *A Comprehensive Analysis of State-Wise Literacy Rates in India[v1] | Preprints.org*. (n.d.). Retrieved January 8, 2026, from https://www.preprints.org/manuscript/202310.1688?utm_source=chatgpt.com
- Agrawal, N., & Tiwari, A. (2020). Determinants of Home Delivery among Mothers in Urban and Rural Vadodara District, Gujarat, India. *Indian Journal of Community Medicine : Official Publication of Indian Association of Preventive & Social Medicine*, *45*(2), 159–163. https://doi.org/10.4103/ijcm.IJCM_289_19
- *Audit Reports | Comptroller and Auditor General of India*. (n.d.). Retrieved January 9, 2026, from https://cag.gov.in/en/audit-report/details/121982
- Barman, B., Roy, A., Zaveri, A., Saha, J., & Chouhan, P. (2020). Determining factors of institutional delivery in India: A study from National Family Health Survey-4 (2015–16). *Clinical Epidemiology and Global Health*, *8*(4), 1335–1340. https://doi.org/10.1016/j.cegh.2020.05.007
- *Constitution of the World Health Organization*. (n.d.). Retrieved January 7, 2026, from https://www.who.int/about/governance/constitution
- *Finance Department*. (n.d.). Retrieved January 8, 2026, from https://financedepartment.gujarat.gov.in/
- *Government Doctor: Gujarat: Number of Doctors | Economic Indicators | CEIC*. (n.d.). Retrieved January 8, 2026, from https://www.ceicdata.com/en/india/health-human-resources-number-of-doctors-government/government-doctor-gujarat-number-of-doctors?utm_source=chatgpt.com
- *Gujarat Health Dossier 21 | PDF | Non Communicable Disease | Caesarean Section*. (n.d.). Scribd. Retrieved January 8, 2026, from https://www.scribd.com/document/858191391/Gujarat-Health-Dossier-21

- *Gujarat Population Census 2011, Gujarat Religion, Literacy, Sex Ratio—Census India*. (n.d.). Www.Censusindia.Co.In. Retrieved January 8, 2026, from https://www.censusindia.co.in/states/gujarat?utm_source=chatgpt.com
- *Gujarat Socio-Economic Insights | PDF | Gujarat | Consumer Price Index*. (n.d.). Retrieved January 8, 2026, from https://www.scribd.com/document/725278390/Gujarat-Socio-Economic-Review-2022-23?utm_source=chatgpt.com
- *Primary Health Centres*. (n.d.). Retrieved January 8, 2026, from https://www.pib.gov.in/newsite/PrintRelease.aspx?relid=118617&utm_source=chatgpt.com&reg=3&lang=2
- *RHS-2021-22_compressed-1*. (n.d.).
- Sabha, L., & Sigriwal, S. J. S. (n.d.). *GOVERNMENT OF INDIA MINISTRY OF HEALTH AND FAMILY WELFARE DEPARTMENT OF HEALTH AND FAMILY WELFARE*.
- Sabha, R., & Suneer, S. P. P. (n.d.). *GOVERNMENT OF INDIA MINISTRY OF HEALTH AND FAMILY WELFARE DEPARTMENT OF HEALTH AND FAMILY WELFARE. 2676*.
- *SRS_Bulletin_2022_Vol_57_No_1*. (n.d.).
- *What is Public Health Policy?* (2021, May 6). Columbia University Mailman School of Public Health. https://www.publichealth.columbia.edu/news/public-health-policy-definition-examples-more

  *World population day: Gujarat paves the way with fertility rate of 1.9*. (n.d.). Retrieved January 8, 2026, from https://english.gujaratsamachar.com/news/gujarat/world-population-day-gujarat-paves-the-way-with-fertility-rate-of-1-9-64573261442.html